ગાંધીનગર સમાચાર
તા. ૫-૪-૨૦૧૫, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### બેંગલુરુની મોદી-શાહ ઇવેન્ટ

બેંગલુરુમાં મળી રહેલ ભારતીય જનતા પાર્ટીની કારોબારી પૂર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના વફાદાર ગુજરાતી સાથી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની કરેલી પ્રશંસા ઘણુંબધું કહી જાય છે. એમણે લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને ઉત્તરપ્રદેશમાં વિક્રમજનક સફળતા અપાવવા બદલ પણ અમિત શાહને જ જશ આપ્યો હતો. મોદીનો આ 'અમિતપ્રેમ' બેંગલુરુમાં પાર્ટીની કારોબારીની પૂર્વસંધ્યાએ ફરી એક વાર છલકાઈ પડ્યો છે. આ વખતે એમને અમિત શાહને ગાંધીજી અને રામમનોહર લોહિયા જેવી વિભૂતિઓ સાથે સરખાવ્યા છે. દસ કરોડથી વધારે લોકોને માત્ર 'મિસ્ડ કૉલ' જેવા નુસખાથી પાર્ટી સાથે જોડવાનો કીમિયો સ્વાભાવિક રીતે જ વખાણવાલાયક લાગે. પરંતુ એથી અમિત શાહને સ્વાતંત્ર્ય ચળવળના સૂત્રધાર મહાત્મા ગાંધી કે સમાજવાદી ચળવળના પ્રખર પુરસ્કર્તા રામમનોહર લોહિયા સાથે સરખાવવામાં કેટલું ઔચિત્ય લેખાય તે પ્રશ્ન જ છે. વડાપ્રધાને અમિત શાહને ત્રીજી વિભૂતિ સાથે પણ સરખાવ્યા છે. દીનદયાળ ઉપાધ્યાય એકાત્મ માનવવાદની વિચારધારા સાથે જનસંઘમાં પ્રાણ પૂરનારા વિચારપુરુષ હતા. ભાજપના રથને સફળતાપૂર્વક વિજયકૂચ કરાવનારા સારથિ તરીકે અમિત શાહ ઉત્તમ અને સફળ સંગઠક જરુર બની રહ્યા છે પરંતુ એમને આટલા મોટા કદના રાષ્ટ્રીય મહાપુરુષોની પંગતમાં બેસાડી દેવામાં જરુર ઔચિત્યભંગ વરતાવો જોઈએ. મૂલ્યોની જાણકારી સાથે જીવનભર આકરી તપસ્યા કરનારા એ મહામાનવોના ઐતિહાસિક પ્રદાનને કોઈ એક પાર્ટી સાથે સાંકળીને જોવાથી એમને અન્યાય કર્યો ગણાશે. પરંતુ મોદી માટે શાહ 'એકમેવાદ્વિતીયમ્' સહયાત્રી છે. અમિત શાહ સફળ આયોજક છે - એક ઉત્તમ સ્ટ્રેટેજિસ્ટ છે. એમની આ વિશિષ્ટ આવડત તેઓ ગુજરાતમાં હતા ત્યારે એટલી જાહેર નહોતી થઈ પરંતુ જાણનારા જાણે છે કે તેઓ મોદીનું 'બ્રેઈન' છે. એથી જ એમને તડીપાર સમયગાળામાં દિલ્હીના ગુજરાતભવનમાં રહેવાની વ્યવસ્થા કરી આપી મોદીએ ભવિષ્યની રણનીતિના ઘડવૈયા તરીકેની જવાબદારી સોંપી હતી. આ રણનીતિમાં અડવાણી - સુષમા જેવા વરિષ્ઠોને હેસિયત મુજબ વેતરી નાખવાની સ્ટ્રેટેજી પણ સામેલ હતી. બેંગુલુરુમાં વરિષ્ઠોના ઉઠમણાની જ ઊજવણી થશે તે નક્કી છે. ભારતીય જનતા પાર્ટી પર હવે મોદી અને શાહની જુગલજોડી સુવાંગ કબજો ધરાવે છે. બાકીના બધાએ એમનો રાજીપો હોય ત્યાં સુધી એમના ભાગે આવેલી સત્તા કે જવાબદારી નિભાવવાની છે. મંત્રીમંડળનો ગંજીફો ચીપાશે ત્યારે શોભાના ગાંઠિયા બની રહેલા કેટલાક સિનિયરોને પાણીચું પકડાવી દેવાશે અને જેમના સહયોગથી અનિવાર્યતા વરતાઈ રહી છે એવા સાથી પક્ષોના પ્રતિનિધિઓ ઉપરાંત પાર્ટીના થોડાક સદસ્યોને મંત્રીપદની લહાણી કરાશે. કોંગ્રેસ છોડીને આવેલાં નઝમા હેપ્તુલ્લા પાસેથી લઘુમતી બાબતોનું ખાતું સેરવી લઈ બોલકા મોદી પરાયણ મુસ્લિમ નેતા મુખ્યાર અબ્બાસ નકવીને અપાય એવી સંભાવના છે. એમને રાજયકક્ષાના મંત્રીમાંથી કેબિનેટ કક્ષાના મંત્રી તરીકે બઢતી અપાવાની શકયતા પણ છે. ઉત્તરપ્રદેશના વરિષ્ઠ નેતા, પાર્ટીના ધોતીબ્રાંડ જૂની પેઢીના પ્રતિનિધિ કલરાજ મિશ્રની પણ છુટ્ટી થઈ શકે છે. નઝમા હેપ્તુલ્લા અને કલરાજ મિશ્ર માટે કોંગ્રેસના નિવૃત્ત કરાયેલ રાજયપાલોનાં રાજભવનો નવાં આશ્રયસ્થાન બની શકે છે. બેંગલુરુના આ ઐતિહાસિક અધિવેશનમાં સુષમા, અડવાણી-જોશીને મંચ અપાશે કે કેમ એ મુદ્દે પણ અવઢવ પ્રવર્તી રહી હતી. ટૂંકમાં દક્ષિણનો ગઢ સર કરવા સજ્જ બની રહેલ પાર્ટીની આ કારોબારી મોદી-શાહ ઈવન્ટ બની રહેશે અને પાર્ટીના નવા સ્વરુપ સાથે મને-કમને ઘરડેરાંને ચૂપચાપ જોડાયેલાં રહેવું પડશે, એવા સંકેતો વરતાઈ રહ્યા છે.





ગાંધીનગરની જાણીતી ઈન્ટરનેશનલ આઈ.ટી. પ્રોગ્રામ કંપની 'સર્પન્ટ કન્સલટન્સી'ના વાર્ષિક ઉત્સવ ઉજવાઈ ગયો. જેમાં સંસ્થાના જ સભ્યોએ સાંસ્કૃતિ કાર્યક્રમો રજૂ કર્યા હતા. કંપની તરફથી વર્ષ દરમ્યાન વિવિધ ડિપાર્ટમેન્ટમાં શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૪૨ દેશોમાં 'સર્પન્ટ કન્સલન્ટ' કાર્યરત છે. (તસવીર : કશ્યપ નીમાવત)

### નહેરૂ યુવા કેન્દ્ર તથા વિવેકાનંદ યુવક મંડળના ઉપક્રમે

# સ્વ. એ.બી. મહેતા વિજયપદ્મ નાઈટ વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઈ

સ્વામી વિવેકાનંદ પબ્લીક સ્કુલ, સે. ૨૪ખાતે નહેરૂ યુવા કેન્દ્ર અને સ્વામી વિવેકાનંદ યુવક મંડળના ઉપક્રમે જિલ્લા કક્ષાની સ્વ. એ.બી. મહેતા વિજય પદ્મ નાઈટ વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઈ ગઈ.

'નશાબંધી સંસ્કાર'નો પ્રચાર અને પ્રસાર થાય અને યુવાનોમાં રમત-જગતનું મહત્વ વધે તે હેતુસર 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ્' આંદોલનના ભાગરૂપે આ કાર્યક્રમ યોજાયો છે તેમ પોતાના ઉદ્ઘાટન પ્રવચનમાં જણાવતાં યુવક બોર્ડના પૂર્વ અધ્યક્ષ શ્રી સંજીવ મહેતાએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરીત સ્વચ્છતા અભિયાન, નશાવિરોધી આંદોલન, ઉર્જાબચાવો અભિયાનમાં જોડાવા આહ્વાન કર્યુંહતું.

આ નાઈટ વોલીબોલ ટુર્નામેન્ટમાં પધારેલા ગાંધીનગરના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા તથા ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલે યુવાનોને પ્રોત્સાહીત કર્યા હતાં.

કુલ ૨૦ ટીમોના ૧૮૦ યુવકો વચ્ચે પ્રથમવાર સેક્ટર-૨૪ ખાતે યોજાયેલી આ વોલીબોલ ટુર્નામેન્ટે ભારે આકર્ષણ જમાવ્યું હતું તેમ જણાવતાં સ્પર્ધાના ટેકનીકલ ડાયરેકટર શ્રી પદ્મસિંચ ચૌહાણે પ્રતિવર્ષ આ સ્પર્ધા યોજવાની નેમ વ્યક્ત કરી હતી.

આ વોલીબોલ સ્પર્ધામાં નહેરુ યુવા કેન્દ્રના કો-ઓર્ડીનેટર શ્રી રજનીભાઈ સુથાર, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના કોચ શ્રી ધુમલ સર, વોલીબોલના કોચ શ્રી પોડીંચરી ઉપસ્થિત હતાં.

બીજા દિવસે ભુજથી ખાસ પધારેલા નેશનલ એવોર્ડીશિક્ષક શ્રી પ્રેરણા મહેતા તથા શ્રી અશોક મહેતાએ સ્પર્ધાની શરૂઆત કરાવી હતી. તીવ્ર રસાકસીભરી સેમી ફાઈનલ મુકાબલો નિહાળવા તથા પ્રોત્સાહીત કરવા નગરના અગ્રણીઓએ ખાસ હાજરી આપી હતી.

પૂર્વ કૃષિમંત્રી શ્રી દિલીપ સંઘાણી, નાગરીક બેંકના ડીરેકટર શ્રી ઘનશ્યામભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલ, શ્રી હરેશભાઈ પટેલ, સરદાર પટેલ ગ્રુપના રાજ્ય પ્રમુખ શ્રી મનીષ સંઘાણી, જાણીતા સામાજીક કાર્યકર શ્રી રૂચીરભાઈ ભટ્ટ, શ્રી મહેન્દ્રભાઈ પટેલ (દાસ), શ્રી ચંદ્રભાઈ પટેલ, શ્રી અલ્કેશ સુખડીયા વગેરેએ ઉપસ્થિત રહી ઉત્સાહ તથા પ્રેરણા પૂરા પાડ્યા હતા.



કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી બાબુભાઈ ડાભી, ડાયમંડ સ્પોર્ટસ્ તથા કેપીટલ સ્પોર્ટસ્નો સહયોગ મળ્યો હતો. જ્યારે સ્વામી વિવેકાનંદ યુવક મંડળના પ્રમુખ શ્રી આશીષ જોશી, વોર્ડના અગ્રણી શ્રી કેતનભાઈ જોશી, શ્રી વિવેક ચૌધરી, શ્રી મેઘરાજભાઈ ચૌધરી તથા નશાબંધી સંસ્કાર કેન્દ્રનાં કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

અંતમાં વિજેતા સેક્ટર-૧૭ની ટીમને શ્રી અશોક જટાશંકર મહેતા તથા શ્રી સંજીવભાઈ મહેતાના હસ્તે સ્વ. એ.બી. મહેતા વિજય પદ્મ એનાયત કરવામાં આવ્યો હતો. રનર્સ અપ તરીકે સુર્યા ટીમ વિજેતા બની હતી તથા બેસ્ટ શુટર તરીકે શ્રી મુકુંદભાઈ જોશીને જાહેર કરાયા હતા.

### અમદાવાદ નેશનલ બુક ફેરને લઈને ભારે ઉત્સુકતા

અમદાવાદ, તા.૪

અમદાવાદમાં દર વર્ષે ગુજરાત સ્થાપના દિવસથી સાતમી સુધી પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવે છે. ૨૦૧૨થી આનું સતત આયોજન થઈ રહ્યું છે. હવે ચોથી વખત આનું આયોજન કરવામાં આવ્યું છે. પહેલીથી સાતમી મે દરમિયાન આનું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષ સાહીત્ય સપ્તાહ અંતર્ગત લગભગ ૪૦ થી પણ વધારે સાહીત્ય કાર્યક્રમોમાં ૧૫૦ થી પણ વધારે કવિઓ, લેખકો, સાહીત્યકારો તેમજ કલાકારો ભાગે લે છે. આ વર્ષ પણ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર ખાતે ચોથા અમદાવાદ નેશનલ બુક ફેરનું આયોજન થઈ રહ્યું છે.

## હરિની દૃષ્ટિ...




ટેબલેટ જ્યોતિષના ફળકથન પ્રમાણે તારે તારા પ્રોબ્લેમમાંથી નીકળવા દર સોમવારે કોલેજની કન્યાને રીચાર્જ કરાવી આપવું, આજુબાજુના બાળકોને ગેઇમ ડાઉનલોડ કરી આપવી... અને વૃદ્ધોને રાત્રે થોડા વિડિયો મોકલવા...!

# જીત-કુને-ડો સ્પર્ધામાં સિલ્વર મેડલ

### થાઈલેન્ડના બેંગકોંક શહેરમાં સ્પર્ધા યોજાઈ : ચૌધરી કોલેજની બે વિદ્યાર્થિનીઓએ ગુજરાત અને શહેરનું ગૌરવ વધાર્યુ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની દિકરીઓ દિવસે દિવસે શહેરનું નામ રોશન કરી રહી છે. દિકરી ફક્ત ઘર જ સંભાળે તે વાક્યને ખોટી ઠેરવી રહી છે. ચૌધરી કોલેજની બે વિદ્યાર્થિનીઓએ માર્શલ આર્ટસ સ્પર્ધામાં વિજિયી દેખાવ કરતા સિલ્વર મેડલ મેળવ્યો છે.

થાઈલેન્ડના બેંગકોક ખાતે ગત ૧૨ થી ૨૨ માર્ચ દરમિયાન વર્લ્ડ માર્શલ આર્ટસ ગેમ જીત-કુને-ડો સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં ગાંધીનગર સેક્ટર-૭ સ્થિત ચૌધરી મહિલા આર્ટસ કોલેજની આ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. કિંજરી સી. બ્રહ્મભટ્ટ અને યશ્વી એ. ભગોરાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરતા સિલ્વર મેડલ મેળવ્યો હતો.

પાટનગરની દિકરીઓ હવે સરહદ પાર કમાલ કરી રહી છે. ત્યારે પાટનગરની બન્ને દિકરીઓને કેળવણી મંડળના ટ્રસ્ટી ગણ, કોલેજના આચાર્ય અને કોલેજ પરિવારે અભિનંદન પાઠવી આગળ પણ આ બન્ને વિદ્યાર્થિનીઓ ઝળહળતી કારકિર્દી બનાવે તેવા આશીર્વાદ પાઠવી અભિનંદન આપ્યા છે.



# ઇલેક્ટ્રોનિક ભંગાર : વર્લ્ડ માઇટ બી એટ રિસ્ક...!!!



રજળપાટ

અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

ફ્લેટ પેનલ ટેલીવિઝન (૭ વર્ષ), ડીઝીટલ કેમેરા (૬.૫ વર્ષ), ડીવીડી પ્લેયર (૬ વર્ષ), ડેસ્કટોપ કોમ્પ્યુટર (૬ વર્ષ), વિડીયો ગેમ કોન્સેલ (૬ વર્ષ), નોટબુક કે લેપટોપ (૫.૫ વર્ષ), ટેબ્લેટ (૫ વર્ષ), સાદો સેલફોન (૪.૭ વર્ષ) અને સ્માર્ટફોન (૪.૬ વર્ષ)... વધુ આગળ માથું ખંજવાળો એ પહેલા કહી દઉં કે આપણે રોજબરોજના જીવનમાં વાપરતા ઈલેક્ટ્રોનિક ઉપકરણોનાં નામની સાથે કોંસમાં એની અંદાજીત ઉમર લખી છે. મોબાઈલ પર આંગળીઓ રમાડતા, ટીવી પર મનોરંજન માણતા કે પછી પીસી પર ગેમ્સ રમતા કે નેટ સર્ફ કરતા ક્યારેય વિચાર આવ્યો છે કે આ ઉપકરણો કેટલું જીવતા હશે? હ્હ્હહહ આપણે મનુષ્યો તો વર્ષની ભાષામાં જ વાત કરવાના ને? ઓકે, જો આ ઉપકરણોની જિંદગી વિષે ક્યારેય વિચાર્યું હોય અને આગળ લખ્યું એમ આયુષ્યના આકડાઓ વાચી ચુક્યા હોવ તો પછી તરત જ પાછળ ને પાછળ એ પણ વિચાર આવવો જોઈએ કે તો પછી મર્યા પછી આ બધા ક્યાં જતા હશે ?? (મર્યા પછી આઈ મીન કામ કરતા બંધ થયા પછી કે વપરાશમાંથી દુર થયા પછી....!!!) નાનું બાળક આવું પૂછે ત્યારે તો આપણે ફટ દઈને આકાશ તરફ આંગળી ચીંધીને કહી દઈએ કે બેટા એ તો ત્યાં આકાશમાં તારા થઈ જાય પણ આઈ એમ સ્યોર કે રોજબરોજ અને બિન્દાસ વપરાતા આ ઈલેક્ટ્રોનિક જીવડાઓની આખરી મંજિલ વિષે તમે નહિ જ જાણતા હોવ.

આગળ લખ્યું એમ ઈલેક્ટ્રોનિક આઈટમોની આયુષ્ય બહુ લાંબુ નથી હોતુ ને એમાયે ખાસ કરીને અત્યારના ટેકનોલોજીકલી એડવાન્સ યુગમાં !!! રોજ નવી નવી ટેકનોલોજીનો પ્રાદુર્ભાવ થઈ રહ્યો છે. હજુ તો ૪૦ ઇંચનું ટીવી કે લેટેસ્ટ સ્માર્ટફોન ખરીદીને પૂરો વાપર્યો પણ નાં હોય ત્યાં નવી ટેકનોલોજી વાળું ટીવી કે સ્માર્ટફોન બજારમાં આવી જાય છે. માણસની ખરીદશક્તિ વધી છે, ઈલેક્ટ્રોનીક્સ વસ્તુઓમાં રોજેરોજ થતી નવી નવી શોધો અને સગવડતાઓને લીધે હમણાં જ લીધેલી આઈટમ જૂની થઈ જાય છે. કોઈ પણ ઘરમાં જુઓ તો વપરાશમાં નાં હોય એવા બેચાર મોબાઈલ ફોન કે ડબલું થઈ ગયેલ લેપટોપ કે પીસી મળી જ જશે. વિશ્વની વાત બાજુ પર રાખીએ તો પણ ખાલી ભારતમાં જ ૨૦૨૦ સુધીમાં ઉકરડે ફેંકાતા કોમ્પ્યુટર્સની સંખ્યામાં ૫૦૦ ગણી વૃદ્ધિ થઈ ચુકી હશે. ૨૦૨૦ સુધીમાં મોબાઈલ ઈવેસ્ટનો દર ફક્ત ભારતમાં જ અત્યાર કરતા ૧૮ ગણો થઈ જવાનો અને એ જ રીતે ટીવીનો કચરો ડબલ થઈ જશે.જૂની વસ્તુઓનો નિકાલ ક્યાં કરવો એની હજુ કોઈ ચોક્કસ વ્યવસ્થા નથી. બાયબેક ઓફર્સમાં જુના સામે નવું મળતુ રહે છે. પણ પછી ધીરે ધીરે જુનાઓનો જે ગંજ ખડકાઈ છે એનું શું કરવું? જૂની ઈલેક્ટ્રોનિક આઈટમ્સ જેટલી ફરી વાપરી શકાય એટલી તો ફરી યુઝ થાય જ છે પણ જે સાવ નોનયુઝ કે ઓલ્ડ ફેશન છે એના નસીબમાં તો એક જ સ્થળ રહે છે ઉકરડો / ભંગારનું ગોડાઉન કે પછી કબાડીવાળો.

બસ ૨૧મી સદીમાં આખુયે વિશ્વ આ ઈલેક્ટ્રોનિક ભંગારવાડો બનતું જાય છે. ઈલેક્ટ્રોનિક કચરાના ઢગ ખડકાતા જાય છે. નોર્થ ઓર સાઉથ અને ઇસ્ટ ઓર વેસ્ટ બધા આ ઈવેસ્ટની સમસ્યાથી પીડિત છે. સમાધાનો શોધી રહ્યા છે પણ મુશ્કેલી એ છે કે આ ઈઉકરડો જેટલો ક્લીયર થાય છે એનાથી બમણી કે ત્રણ ગણી ઝડપે નવો ઈકચરો ઉકરડામાં ફેકાઈ રહ્યો છે. આખુયે વિશ્વ બહુધા ઈલેક્ટ્રોનિક અને ઇન્ફોર્મેશન ટેકનોલોજીની ધરી પર ફરી રહ્યું છે ત્યારે સ્વાભાવિકપણે ઈકચરાની સમસ્યા પણ એટલી જ વિકરાળ અને ચિંતા ઉપજાવનારી રીતે વધતી જાય છે અને આ કોઈ સાદો કચરો તો છે નહિ કે રોડના ખૂણે કે સોસાયટીના ખાલી પ્લોટમાં ઢગલો કરીને દીવાસળી ચાંપી શકાય? આ કચરો વપરાશમાં હતો ત્યારે જેટલો ઈન્ટેલીજન્ટ હતો એટલો જ વપરાશમાંથી દુર થયા પછી ખતરનાક છે અને ભારત માટે તો વધુ ખતરનાક..!!! કેવી રીતે? આવો જાણીએ.

ભારત દુનિયાનું સૌથી વધુ ઝડપે વિકસતું ઈલેક્ટ્રોનિક બજાર છે. આ ઉપરાંત મોટી મોટી આઈટી કંપનીઓ અને કોલસેન્ટરો ભારતમાં કાર્યરત છે અને પરિણામે ઈકચરો પણ એટલી જ ઝડપે જનરેટ થાય છે... એકલા બેંગ્લોરમાં જ દર વર્ષે ૩૦૦૦૦ કોમ્પ્યુટરો નકામા થઈ જાય છે અથવા આંશિક રીતે બિનવપરાશમાં આવી જાય છે. વિકસતા ભારતીય અર્થતંત્રને લીધે સરેરાશ ભારતીયના ઘરમાં ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓનો પગપેસારો ઝડપથી થઈ રહ્યો છે અને એ જ અર્થતંત્રને લીધે ભારતીય બહુ ઝડપથી એ વસ્તુઓને બદલાવી રહ્યો છે જે જૂની થઈ ગયેલી ઈવસ્તુઓને પોતાની રીતે નિકાલ કરી રહ્યો છે. એક અહેવાલ મુજબ મોટાભાગના જુના કોમ્પ્યુટર્સમાંથી જરૂરી સ્પેર્સ કાઢીને એને જમીનમાં દાટી દેવાય છે કે પછી સળગાવી દેવાય છે. ચાલો ત્યાં સુધી તો નિકાલની રીત સમજી શકાય એવી છે પણ હકીકતમાં એકચરામાં સૌથી વધુ હાનીકારક તત્વો હોય છે. નાની લાગતી ચીપ કે પુઠ્ઠા જેવા લાગતા મધરબોર્ડમાં સૃષ્ટિને હાનીકારક અને તોબા પોકારી દે તેવા રસાયણો અને તત્વો કે ઘટકોની સર્કીટ લાગેલી હોય છે. તમને એમ થશે કે હવે એમાં શું નુકશાનકારક? કોમ્પ્યુટર કે મોબાઈલ તો બંધ થયો એટલે ભાંગી કે કબાડીમાં આપી દેવાનો, બંધ થયા પછી એ શું નડવાનો બસ અહી જ ભૂલ થાય છે સમજવાની. જો આ ઈવેસ્ટને સરખી રીતે નિકાલ ના કરાય તો એમાં રહેલા ભસ્માંશુરો માનવજાતિ અને પર્યાવરણ બંનેને સારું એવું નુકશાન પહોચાડી શકે છે ઈનફેક્ટ પહોચાડી રહ્યા જ છે.

ભારતમાં વિશ્વના બીજા દેશોની સરખામણીએ ઈકચરાનું પ્રમાણ હજુ એકાદ ટકા જેટલું જ છે પણ આ વાંચીને હરખાવાની જરૂર એટલા માટે નથી કે વિશ્વના વિકસીત દેશોનો મોટા ભાગનો ઈકચરો એશિયામાં અને ખાસ કરીને ભારતમાં જ વધુ ઠલવાય છે અને એનું કારણ એ છે કે ભારત આવા ઈકચરાને ફરીથી ઉપયોગમાં લઈ શકાય અથવા સમૂળગો નિકાલ કરી શકાય એવી સગવડતાઓનું મોટું બજાર બની ગયું છે. જેને લીધે જગતના મોટા દેશો, ખાસ કરીને અમેરિકા, ઇંગ્લેન્ડ અને યુરોપનો મોટાભાગનો આવો ઈભંગાર આપણા દેશમાં ઠલવાય છે. વિદેશોમાં ઈકચરાનો નિકાલ બેહદ મોંઘો પડે છે જેને લીધે મોટાભાગનો કચરો ભારતમાં કે એશિયામાં ઠલવાય છે કે જયાં કાયદા એટલા સખત નથી અને નિકાલની પ્રક્રિયા પણ બેહદ સસ્તી છે. ઠલવાય એનો વાંધો ઓછો છે પણ મૂળ વાત એ છે કે આ ઈકચરાનો જો યોગ્ય નિકાલ કે ફરીવપરાશની પ્રક્રિયામાં જરા જેટલી પણ ચૂક વિનાશ નોતરી શકે છે અને એ વિનાશ પણ નારી આંખે નાં દેખાય એવો છે. વધુ ઊંડાણથી અસરોનો અભ્યાસ કરવા આવા ઈકચરામાં રહેલા દાનવો વિષે જાણીએ.

ટીવી અને કોમ્પ્યુટરના મોનીટરોમાં સીસા નો વપરાશ થાય છે અને એનો વધુ ઉપયોગ ઉલ્ટી, બેહોશી કે અમુક સંજોગોમાં મોતના રૂપે આવે છે. એ જ રીતે ચીપો અને કેથોડ રે-ટ્યુબ બનાવવામાં કેડ્મીયમ વપરાય છે જે ફેફસા અને લીવર માટે હાનીકારક છે. સ્ક્રીન પેનલોમાં વપરાતું બેરીયમ માંસપેશીઓને નબળી પડી શકે છે તો ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં સૌથી વધુ વપરાતું પીવીસી યાની કી પ્લાસ્ટિકને બાળવાથી જેરી રસાયણો ગેસ દ્વારા વાતાવરણમાં ભળે છે જે માથા અને યકૃતના કેન્સર માટે કારણભૂત છે. પેનલને કાટથી બચાવવા ક્રોમિયમ વપરાય છે જે જો ભૂલે ચુકે શરીરના સમ્પર્કમાં આવી જાય કે પ્રવેશી જાય તો નુકશાનકારક છે અને એ પણ એટલું ગંભીર કે એના વધુ સંસર્ગથી માનવશરીરના ડીએનએને નુકશાન પહોચી શકે છે. ઈકચરા રૂપે પડ્યા પડ્યા પણ પોતાની અંદર ઘૂઘવતા રાખતા આવા દાનવોનું લીસ્ટ ઘણું લાબું છે એટલે ફક્ત નમૂનારૂપ તત્વોનો ઉલ્લેખ કર્યો.

હવે આપણને પ્રશ્ન એ થાય કે આ બધા આપણને કેવી રીતે નડે? આપણે કાઈ થોડા મોબાઈલ કે ટીવી ની સ્ક્રીનો સાથે ઘસાઈને જ જીવવાના છીએ જિંદગીભર? પણ વાત એ નથી, મૂળ વાત એ છે કે આ બધા હાનીકારક તત્વો તો ઉપકરણો ચાલુ હોય ત્યારે પણ હોય જ છે પણ એની વધુ ગંભીર અસરો ત્યારે આવી શકે જયારે એ બંધ હોય કે પછી નિકાલની કતારમાં હોય. હવે જો ઈવેસ્ટના નિકાલ સમયે આ બાબતોની કાળજી રાખવામાં નાં આવે તો આ તત્વો સ્વાભાવિક પણે સળગાવો તો વાયુ વાટે અને દાટો તો જમીન વાટે એક યા બીજે રીતે પર્યાવરણથી લઈને માનવજીવનને હાની તો પહોચાડવાના જ. મોટાભાગના ઈઉપકરણો રીસાઈકલ અથવા અપગ્રેડ થતા હોય છે. એક અંદાજ મુજબ ભારતમાં ૨૦ લાખથી વધુ કોમ્પ્યુટર્સ રીસાઈકલ થવા તૈયાર છે. રીસાઈકલ એટલે જરૂરી ભાગ કાઢીને બાકીની નકામી ચીજોનો નિકાલ કરવો અથવા બગડેલા ભાગને કાઢીને એની જગ્યાએ નવા પાર્ટ્સ ફીટ કરીને ફરીથી વપરાશમાં મુકવું. બંને કેસમાં ઈકચરો તો નીકળવાનો જ એટલે ફરી વાત ત્યાં જ આવીને ઉભી રહે છે કે જો આ કચરાનો યોગ્ય નિકાલનાં થાય તો મુશ્કેલીઓનો વાયરસ આવ્યા વગર રહે જ નહિ..!!!!

એશિયામાં દર વર્ષે લગભગ ૧ કરોડથી વધુ આવા કોમ્પ્યુટરો આયાત કરાય છે અને ભારતની વાત કરીએ તો આયાતી કમ્પ્યુટરો સિવાય દર વર્ષે અંદાજે ૧૫૦૦૦ જેવા કોમ્પ્યુટરો ભંગાર થવા અથવા રીસાઈકલ થવા તૈયાર હોય છે. હજુ આમાં આપણે દર વર્ષે ઈઉકરડામાં જતા મોબાઈલ્સ, ફ્રીજ, ઈલેક્ટ્રોનિક રમકડાઓ કે બીજા ઈઉપકરણોનો ઉમેરો કરીએ તો આંકડો અધધધ થઈ જાય.. ભારતમાં મોટાભાગે બે પ્રકારના ઈકચરા આવે છે એક જે સાવ ભંગાર જ છે અને બીજા કે જેને રીપેર કરીને ફરી વેચવામાં આવે છે. બંને પ્રકારમાં આ ખતરનાક તત્વોની મોજુદગી તો છે જ. ઈવેસ્ટમાં કોમ્પ્યુટરનો કચરો સૌથી વધુ જહેરીલો કે ખતરનાક મનાય છે. થાય છે એવું કે જરૂરી પાર્ટ્સ કાઢી લીધા પછી ક્યાં તો એને બાળી નખાય છે અથવા તો જમીનમાં દાટી દેવાય છે. એક સર્વે મુજબ ભારતમાં લગભગ ૭૦ % જેટલો ઈકચરો બહારથી ઠલવાયેલો હોય છે અને કરુણ વાત એ છે કે લગભગ ૮૫ % ઈવેસ્ટનો નિકાલ ખુલી જમીન પર કરી દેવામાં આવે છે ધીરે ધીરે દાટેલા કચરામાંથી આવા હાનીકારક તત્વો જમીનને પ્રદુષિત કરે છે, જમીનની ફળદ્રુપતાને અસર કરે છે, ભૂમિજળને નુકશાન કે પ્રદુષિત કરે છે, પર્યાવરણને નુકશાન કરે છે. દાટેલા કચરામાંથી નીકળતા હાનીકારક ગેસો કે સળગાવાયેલા આવા કચરામાંથી નીકળતા ગેસોને લીધે અસ્થમા અથવા ઘણી વાર વધુ પડતા સીસાને સળગાવવાથી મોતના બનાવો પણ બને છે.

ભારત ઈવેસ્ટનું મોટું ડમ્પિંગ યાર્ડ બની ગયું છે એ તો આપણે આગળ જાણ્યું, બેંગ્લોર, મુંબઈ, ચેન્નાઈ, મેરઠ, ફિરોઝાબાદ જેવા મેઈન ઈવેસ્ટ ઉકરડાઓમાં દિલ્હી સૌથી મોટું સેન્ટર છે . એસોચેમના રીપોર્ટ મુજબ ૨૦૧૯ સુધીમાં ૨૩ % નો ગ્રોથ થઈ શકે છે એવા આ સેક્ટરમાં ઈકચરાની અણઘડ રીતે થતો નિકાલ, યોગ્ય જાણકારીના અભાવે ખતરનાક રીતે થતા નિકાલના માઠા પરિણામો આવી રહ્યા છે. આવનારા વર્ષોમાં ભારત આ બાબતમાં ચીનથી પણ આગળ નીકળી જશે એવા સમયે ચિંતાની વાત એ છે કે મોટાભાગ ના આવા કેન્દ્રો પર બાળકો કામ કરે છે. એકલા દિલ્હીની જ આવી ડમ્પિંગ સાઈટો પર ૧૦૦૦૦ જેવા બાળમજદૂરો છે. રસાયણો અને હાનીકારક તત્વોની આડઅસરો પર્યાવરણની સાથે સાથે આ બાળકોના સ્વાસ્થ્ય પર પણ પડી રહી છે.

વિશ્વભરમાં ઈવેસ્ટ મેનેજમેન્ટ માટે અનેક સંસ્થાઓ અને સરકારો કાર્ય કરી રહી છે. ભારતમાં પણ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ બનતા પ્રયત્નો કરે છે પણ વિશ્વમાં રીસાઈકલ પ્રક્રિયાનો દર ફક્ત ૧૨ ટકા જેવો જ છે ત્યારે ભારત તો સ્વાભાવિકપણે આમાં ક્યાય પાછળ છે. ભારતમાં ઘણીબધી સ્વેચ્છિક સંસ્થાઓ ઈવેસ્ટ ડ્રાઈવ ચલાવે છે, જુના તૂટેલા કે નકામા ઉપકરણોને એકઠા કરીને નુકશાન ના થાય એવી રીતે નિકાલ કરતી રહે છે. આવી સંસ્થાઓ જુના ઉપકરણોને ફેકી કે બાળી કે દાટી દેવાને બદલે જો ચાલુ હાલતમાં હોય તો સ્કુલના બાળકોને વપરાશમાં આપવાની હિમાયત કરે છે. ઘણા બધા ઉપકરણો ચાલુ હાલતમાં હોય છે પણ જુના મોડેલને લીધે એને ભંગારમાં આપવા કરતા જરૂરિયાતમંદોને આપવાથી ઈવેસ્ટની સમસ્યામાં આંશિક રાહત મળી શકે છે. વારંવાર ફક્ત શોખ ખાતર ઉપકરણો બદલતા પહેલા આ વિષે પણ વિચારવું જ રહ્યું. લાખો જુના/સારી હાલતમાં ચાલુ હોય એવા કોમ્પ્યુટર્સ, મોબાઈલ્સ કે બીજા ઉપકરણો ભંગારમાં આપવા કરતા કે નાશ કરવા કરતા સ્કૂલોના બાળકો કે બીજા જરૂરિયાતમંદોને આપવા વધુ હિતાવહ છે કેમકે જેટલો આ ઈભંગાર ઉકરડા તરફ ઓછો જશે એટલું પર્યાવરણને થતું નુકશાન ઘટાડી શકાશે.. તો હવે જયારે ચાલુ જેવા પણ જુના લગતા મોબાઈલ/ કોમ્પ્યુટર કે બીજા કોઈ ઈઉપકરણો સળગાવી/ભાંગી કે ભંગારમાં દેવાનું વિચારો ત્યારે આટલું જરૂર યાદ રાખજો...!!!